॥ स्वामिश्रीजी ॥

## अमर बने ध्रुवतारक – अक्षरयात्रा के पथदर्शक पू. ताराबेन

स्वामिनारायण संप्रदाय और गुणातीत समाज में बहनों को प्रभु भजने की साधना का राजमार्ग बनानेवाले प्रथम श्रेणि के साधक बहन पू. ताराबेन अमीन दि. १७ फरवरी, २००४ को अक्षरधाम सिधाये।

प.पू. सोनाबा का परिवार मानो प्रभु का ही कार्य करने अक्षरधाम से धरती पर आया। इसी दिव्य माँ की सुपुत्री बनकर पू. ताराबेन इस धरा पर प्रगट हुए। बचपन से ही वे जगत से अनासक्त थे। तरुणावस्था में उनको समाधि भी होती थी। उन्होंने सोनाबा को कभी माँ के रुप में नहीं देखा, पर गुरु के रुप में उनका स्वीकार किया। उनसे प.पू. शास्त्रीजी महाराज व प.पू. योगीजी महाराज की सेवा–भक्ति के पाठ सीखे।

१९५२ में प.पू. काकाजी को साक्षात्कार होने के बाद उन्होंने सब को योगीजी महाराज की तात्त्विक पहचान कराई। ताराबहन के भी पूर्व के संस्कार जागृत हो गये और उन्होंने आजीवन ब्रह्मचर्य व्रत धारण करके दिव्य जीवन जीने का एवम् सच्चा साधु बनने की साधना करने का संकल्प किया और योगीजी महाराज को मन ही मन प्रार्थना करी।

उनकी छोटी बहन पू. ज्योतिबहन भी दिव्य जीवन जीने की अभीप्सा रखती थी। दोनों बहनों में बचपन से ही एकत्वभाव अति दृढ था। उसी दौरान प.पू. पप्पाजी, काकाजी को साक्षात्कार होने का समाचार सुनके इस घटना में कितना तथ्य है वह देखने मोम्बासा से मुंबई पधारे। उनके दर्शन से ही ताराबहन की आत्मा अति हर्षित हुई। उनमें दिव्यता का उत्तरोत्तर दर्शन करके दिव्य जीवन की ओर प्रगति करने लगी। दोनों बहनों का भगवान भजने का संकल्प सुनकर योगीजी महाराज ने काकाजी व पप्पाजी को बहनों को अेकांतिक धर्म सिद्ध कराने का कार्य सौंपा। उनके इस संकल्प में पू. हंसादीदी, पू. देवीबहन और भी अन्य बहने सहभागी हुई।

इन बहनों ने कठिन से कठिन परिस्थिति का भी केवल प्रभु और भजन का बल लेकर शूरवीरता से सामना किया और पप्पाजी, काकाजी एवम् सोनाबा की प्रसन्नता के पात्र बने। इन बहनों ने अेकांतिक धर्म सिद्ध करके स्वामिनारायण संप्रदाय में बहनों के लिये साधुता सभर दिव्य जीवन जीने का मार्ग बनाया।

पू. ताराबहन का पप्पाजी के साथ का आध्यात्मिक संबंध भी इतना ऊँचा था कि पप्पाजी उन्हें अविभाज्य आत्मा कहकर उनकी पहचान कराते थे। वे प्रभु की ऐसी बंसरी बने कि उनमें से केवल प्रभु का ही सूर निकलता था। उनके स्व का कोई भाव प्रगटता ही नही था। केवल प्रभु और गुरुहरि को ही सत्य मानकर वे जीये। गुरुहरि के वचन से संबंधवाले मुक्तों की प्रभु के भाव से सेवा करी।

पू. ताराबहन साधना पथ पर चलते साधकों के लिये प्रेरणा रुप बने, इतना ही नहीं, उनके साथी, मार्गदर्शक, मित्र और सुहृद बनकर रहे। उनका कार्य और उनका जीवन सदा के लिये अनंत साधक मुक्तों के लिये प्रेरणादाई और मार्ग को प्रकाशित करनेवाला है। ऐसी महान आत्मा को उनके बनाये पथ पर चलकर, उनकी पहचान बनकर सच्चे श्रद्धा सुमन अर्पण करके धन्य बनें।

# **માહાત્મ્ય દર્શન - પ.પૂ. ભરતભાઈ** (તારદેવ)

પૂરું નામ : ભરતભાઈ મહેતા
પ્રાગટ્ય : ૩૧ જાન્યુઆરી, ૧૯૫૪
જન્મસ્થાન : જામનગર (સૌરાષ્ટ્ર)
પિતા : પ.ભ. પોપટલાલ વિઠ્ઠલદાસ મહેતા (અ.નિ.)
માતા : પ.ભ. હીરાબેન પોપટલાલ મહેતા (હાલ ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર)
બહેનો : પૂ. કલ્પનાબેન અને પૂ. ભાવનાબેન (વ્રતધારી સાધિકા - ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર)
અભ્યાસ : બી.ઈ. (બેચલર ઓફ એન્જિનિયરીંગ - વી.જે.ટી.આઈ, મુંબઈ)

**'આ ભરતનો આત્મા બહુ સુંદર છે. એ મન વગરનો છે, સાધુ છે.'** **- પ.પૂ. કાકાજી**
**'મુંબઈમાં ભરતભાઈ કાકાજીનું કામ કરી રહ્યા છે, કાકા સ્વરૂપ છે.'** **- પ.પૂ. પપ્પાજી**
**'ભરતભાઈ ભગવદી સંત કહેવાય, સાધકો માટે આદર્શ કહેવાય.'** **- પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી**

આ વાક્યો કેવળ પ્રાસંગિક માહાત્મ્ય વચનો કે આશિષ વચનો જ નથી, પરંતુ કાકાશ્રીના પરમ લાડીલા દિવ્ય માનસપુત્ર, તેમના વારસદારોમાંના એક અને કેવળ તારદેવ મંદિરના જ નહિ, પરંતુ સમગ્ર ગુણાતીત સમાજના એક અનુપમ આદર્શ સમા સાધક મુક્તરાજ પૂ. ભરતભાઈ માટે સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપોના મુખેથી અવારનવાર સરી પડતા અંતરના ઉદ્દગારો છે.

સત્પુરૂષનો સંબંધ થયા પછી, તેમની નિશ્રામાં જ વર્ષો સુધી સાધના કર્યા પછી પણ ઘણા સાધકોને જે આત્મપ્રતીતિ થતી નથી, સત્પુરૂષ પ્રત્યે નિષ્ઠા અને માહાત્મ્યની જે ગેડ બેસતી નથી, હૈયું એમનાં ચરણોમાં હરીહામ થતું નથી તે પૂ. ભરતભાઈને કાકાશ્રીના પ્રથમ દર્શને જ થઈ ગયું. એમના જ શબ્દોમાં કહીએ તો,
**'મેં જ્યારે કાકાશ્રીનાં પ્રથમ દર્શન કર્યાં ત્યારે જ મને થઈ ગયું કે હું એમનો છું ને એ મારા છે !'** પ્રથમથી જ દૃઢ થયેલી એમની આ આંતરિક સ્થિતિ પરથી સહજ જ કલ્પી શકાય છે કે તેઓ પૂર્વના કેવા જબરજસ્ત ઉચ્ચ કક્ષાના આત્મા હશે.

ઈ.સ. ૧૯૬૮-૭૦ના સમયમાં તેઓ કાકાશ્રીના યોગમાં આવ્યા. **યોગીજી મહારાજ**ની આજ્ઞા ને આશિષથી પૂ. **મહેન્દ્રબાપુ**એ કાંદિવલી, મુંબઈમાં યુવક મંડળની પ્રવૃત્તિ શરૂ કરી ને તેમાં પૂ. ભરતભાઈ સાથે પૂ. **વશીભાઈ**, પૂ. **અરૂણભાઈ** અને અન્ય યુવકો આવતા. પ્રથમથી જ અભ્યાસમાં તેજસ્વી ને

મિતભાષી છતાં દરેક કાર્યમાં ખંત, ચીવટ, નિયમિતતા ને ધીરજથી પૂ. બાપુની દૃષ્ટિમાં વસી ગયા ને તેમને વચને અવારનવાર તારદેવ કાકાશ્રીના સાન્નિધ્યમાં ભજન, શિબિર વિ.માં આવવાનું શરૂ કર્યું. એમના સ્પષ્ટ ને સુરેખ અક્ષરોને લીધે લેખનની વિશિષ્ટ સેવા કાકાશ્રી એમને સોંપતા ને જાણે એ અક્ષરોના સુંદર મરોડની જેમ જ કાકાશ્રીએ એમનું અંતર કલેવર ઘડવા માંડ્યું ને જ વર્ષના ટૂંકાગાળામાં જ તારદેવ મંદિરે વ્રતધારી સાધકરૂપે કાકાશ્રીની નિશ્રામાં આવી ગયા.

સામાન્ય રીતે યુવાન અવસ્થામાં હોય એવી કોઈ ચંચળતા, તરવરાટ, જુસ્સો કે આક્રમકતા એમનામાં દેખાય નહિ. તેથી કોઈ પણ જગાએ કોઈ પણ પ્રસંગે ક્યાંય વિશિષ્ટ પ્રકાશમાં આવે નહિ. પરંતુ આંતરિક અભીપ્સાની દોડ એવી તો તીવ્ર અને વેગવંતી હતી કે કાકાશ્રી સહજ જ વરસી ગયા ને આશિષ મળ્યા, **'આનો જ્ઞાનયજ્ઞ ને યોગયજ્ઞ પૂરો થઈ ગયો.'**

પહેલેથી જ ખૂબ સાદુ જીવન, બાહ્ય ચળકાટનો અભાવ, વાણીમાં તરવરાટ નહિ, રહેણીમાં રઘવાટ નહિ, તેજસ્વી કારકીર્દી હોવા છતાં કાકાજીની પ્રસન્નતા સિવાયની કોઈ જ લૈકિક કે આધ્યાત્મિક મહત્વકાંક્ષા નહિ, સદાય આછાબોલા પણ અપ્રતિમ રીતે એકાવધાની એવા પૂ. ભરતભાઈએ ધીમે ધીમે કાકાશ્રીની મરજી મુજબ એક પછી એક વિધવિધ સેવાનો દોર સંભાળવા માંડ્યો. લેખનકાર્યથી માંડી કાકાશ્રીના અંગત મદદનીશ તરીકેની સેવા પણ એવી નિષ્ઠા, ચીવટ ને નિર્દોષબુદ્ધિથી કરી કે કાકાશ્રીની સાથોસાથ જ પ.પૂ. **કાંતિકાકા** અને અન્ય વડીલોનો પણ અંતરનો ભરોસો પ્રાપ્ત કર્યો. પોતાની સાધુતા ને સેવાભાવથી વડીલ સાધક ભાઈઓ પૂ. બાપુ, પૂ. **રમેશભાઈ**, પૂ. **રાજુભાઈ ભટ્ટ**, પૂ. **રાજુભાઈ ઠક્કર** અને પૂ. **હરખચંદભાઈ**ની પણ પ્રસન્નતા મેળવી ને સાથી મુક્તો પૂ. **અશ્વિનભાઈ**, પૂ. વશીભાઈ ને પૂ. અરૂણભાઈ સાથે પણ આત્માની મૈત્રીથી જોડાયા. એટલું જ નહિ પણ કાકાજીનો હૃદગત અભિપ્રાય સમજી પોતાની પ્રકૃતિથી તદ્દન વિરૂદ્ધ પ્રકૃતિના મુક્તોના વ્યવહારમાં, તેમના અંગત પ્રશ્નોમાં પણ રસ લઈ તેમનામાં રસબસ થયા.

સામાન્ય રીતે બહારથી આવી ધીર ગંભીર પ્રકૃતિવાળી વ્યક્તિ પ્રત્યે બહેનો આકર્ષાય નહિ, પરંતુ કાકાજીએ એમના આત્માને એવો તો સુંદર ને પવિત્ર બનાવ્યો હતો કે કાકાજીને વચને બહેનોને પણ સહજ જ એમનામાં દિવ્યતાની અનુભૂતિ થવા માંડી ને આજે એવા અનેક ચૈતન્યોના પથપ્રદર્શક બની રહ્યા છે.

કાકાજી અને કાંતિકાકાના સ્વધામગમન પછી તારદેવની વ્યાવહારિક તેમજ સત્સંગ વિકાસની બેવડી જવાબદારી અચાનક જ નિભાવવાની આવી પડી. પરંતુ સાથી મુક્તો અને નિષ્ઠાવાન ભક્તોના સહકારથી બાહ્ય રીતે કોઈને ખ્યાલ પણ ન આવે એવી સુંદર આગવી કોઠાસૂઝથી અનેક પ્રશ્નો ને વિટંબણાઓમાં કેવળ ભજનનો જ આશરો લઈને કેટલીય પહાડ જેવી સમસ્યાઓને નાનો ઉંબરો ઓળંગે એવી સહજતાથી તેઓ ઓળંગી ગયા છે.

પૂ. ભરતભાઈએ પોતાનું જીવન એટલું તો શુદ્ધ ને સાત્વિક રાખ્યું છે કે એમની સાદગી, ધીરજ, પ્રગલ્ભતા, આંતરિક અભીપ્સા, ભજન અને સ્વાધ્યાયની તીવ્ર ઈચ્છા ને એ માટેનાં આયોજનો, શિબિરો વિ.થી નવા આવનાર મુક્તોને પણ એમનામાં કોઈ વિરલ વિશિષ્ટતાનાં દર્શન થાય છે ને મસ્તક સહજ નમી જાય છે.

એમની જીવનશૈલી પરથી રખે માનીએ કે તેઓ નીરસ કે શુષ્ક છે. અવારનવાર પ્રસંગોપાત તેઓ પોતે સામેથી રસ લઈ બાળ-યુવા શિબિર, પ્રવાસયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતોત્સવ વિ.નું આયોજન કરે છે ને નાના મોટા તમામ ભક્તોને એકસૂત્રતાથી ને ભક્તિની ચીકાશથી જોડે છે. કાકાજી પ્રત્યેની ભક્તિ ને નિર્દોષબુદ્ધિને જ કેન્દ્રમાં રાખી અનેક વિધવિધ પ્રકૃતિવાળા ભક્તોને પણ ખૂબ જ ધીરજથી, સહનશીલતાથી, ભીડો ખમીને સાચવી રહ્યા છે જે એમની કેવળ 'સંબંધ' જ જોવાની છૂપી ભક્તિની શાખ પૂરે છે.

સ્વામીની વાત પ્ર. ૨ની ૧૨૦ **'સત્સંગમાં કેટલાક મુક્ત છે, તેમાં કેટલાક ભેદ છે. તેમાં કેટલાક મુક્ત તો મંદિર, મેડીયું ને ધર્મશાળા કરાવે એવા છે ને કેટલાક ખેતર, વાડી, બાગ, બગીચા કરે એવા છે, ને કેટલાક તો દ્રવ્યનું ઉપાર્જન કરે એવા હોય, ને કેટલાક ગામ, ગરાસ કરે એવા હોય. એ સર્વ પ્રકારના મુક્ત તો ઘણાય, પણ એવા મુક્ત થોડા જે, ઉપાસના, આજ્ઞા ને જ્ઞાન એ ત્રણ વાતુ પ્રવર્તાવે. પણ માલ**

**તો એ ત્રણ વાતમાં જ છે ને ધર્મ ને વૈરાગ્ય તો તેના પેટામાં આવી જાય ને બીજું પણ એ ત્રણ વાતનું મુખ્યપણું રાખે તો સહેજે થાય, પણ તે પ્રવર્તાવે એવા મુક્ત થોડા, પણ માલ તો એમાં જ છે ને આ વાત વારે વારે વિચારી વિચારીને નિરધાર કર્યો છે તે કહ્યો.'** મુજબ પૂ. ભરતભાઈ હંમેશાં આધ્યાત્મિક ઉત્થાનને જ પ્રથમ ને એકમાત્ર અગ્રતાક્રમ આપે છે. કાકાજીની રીત હતી એ રીતે સંખ્યા કરતા ગુણવત્તાને જ પ્રાધાન્ય આપી, સંબંધમાં આવનાર સૌ કોઈ ભગવાનના સુખે સુખિયા થાય એવી જ અભીપ્સા ને અભિગમ રાખી સૌને તે માર્ગે દોરી રહ્યા છે જે એક સાચા સંતની આગવી પિછાણ છે.

સહુ ગુણાતીત સ્વરૂપોને તથા ગુણાતીત સમાજના જ્યોતિર્ધરોને પ્રસંગોપાત તેઓએ લખેલ પ્રાર્થના પત્રો એટલા તો અભીપ્સાપૂર્ણ ને ભક્તિસભર હોય છે કે તે પત્રોની ભાષા ને તેમાંની પ્રાર્થના દ્વારા તેમના અંતરનો ભાવ સહજ જ સહુને સ્પર્શી જાય છે. તે સહુએ આશિષ આપવા પડતા નથી, સહજ વરસી જાય છે.

**તા. ૩૧મી જાન્યુઆરીએ** તેમના **સુવર્ણ પ્રાગટ્યદિન** નિમિત્તે તેમના જેવી અભીપ્સા, ધીરજ, એકાવધાનીપણું, સાધુતા, સરળતા, ભજનની તીવ્રતા ને નિર્દોષબુદ્ધિએ યુક્ત જીવન આપણું સહુનું બને એ જ કાકાજી, સર્વે ગુણાતીત સ્વરૂપો અને પૂ. ભરતભાઈને ચરણે પ્રાર્થના કરીએ.